**મે.વલસાડ ખાતેનાં મજુર અદાલતના પ્રિસાઈડીંગ ઓફિસર શ્રી એમ.એલ.ચોથાણી સાહેબ સમક્ષ, મુકામ વલસાડ.**

**રેફરન્સ એલ.સી.વી. નં.૫૦/૨૦૨૨**
**આંક:– ૧૧.**

**પ્રથમ પક્ષકાર:–** **એલ્યુઅર ગીફ્ટ રેપ્સ પ્રા.લી.**
પ્લોટ નં.૨૯૧૪, જે ટાઈપ એરીયા, ફર્સ્ટ ફેસ,
જી.આઈ.ડી.સી. વાપી, તા. વાપી. જિ. વલસાડ.

**: વિરૂધ્ધ :**

**બીજા પક્ષકાર :–** **સવિતાબેન સોમલભાઈ ગાંવીત**
રહે. ડોંડુનીયા ફળીયા, માંડવા, તા. કપરાડા, જી.વલસાડ.

**પ્રથમ પક્ષકાર:–** **વિ.વ.શ્રી. એ.પી.શાહ**
**બીજા પક્ષકાર :–** **વિ.વ.શ્રી. કાંતીલાલ પટેલ**

**–: હુ ક મ :–**

આ કામનાં બીજા પક્ષકારે હાલની આ અરજી પ્રથમ પક્ષકાર વિરૂધ્ધ ઓદ્યોગીક વિવાદ અધિનિયમ–૧૯૪૭ ની કલમ–૧૦(૧) હેઠળ પડેલા દિવસોના પગાર સાથે નોકરીમાં પુન:સ્થાપિતત કરવા અંગે દાખલ કરેલ છે. સદર લોક અદાલતમાં સમાધાન થઈ જતાં પ્રથમ પક્ષકાર અને બીજા પક્ષકારને વાંચી સંભળાવતા તેઓએ કબુલ મંજુર રાખેલ છે. જે મુજબ આ કામના પ્રથમ પક્ષકારે ચેક ધ્વારા: – મહેન્દ્રા કોટક બેંકનો ચેક નં. ૦૦૩૭૪૭ , તા.૨૪/૦૮/૨૦૨૩ નો રૂ. ૨૫,૦૦૦/–( અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા) તથા રૂ.૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર). આમ, કુ.કિં.રૂ. ૩૫,૦૦૦/– (અંકે રૂપિયા પાત્રીસ હજાર પુરા) બીજા પક્ષકારના એડવોકેટને રૂબરૂ ચુકવી આપેલ છે. જે મુજબનું સમાધાન **આંક–૧૦** થી રેકર્ડ કરવામાં આવેલ છે અને તે સમાધાન મુજબ હાલનો આ એવોર્ડ કરવા અરજ કરેલ છે.

આ કામમાં બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર તરફથી કુ.કિં.રૂ. ૩૫,૦૦૦/– (અંકે રૂપિયા પાત્રીસ હજાર પુરા) નો ચેક કબુલ–મંજુર રાખેલ છે. આ કામનું રેકોર્ડ વંચાણે લેતા ઓદ્યોગીક વિવાદ અધિનિયમ–૧૯૪૭ ની કલમ–૧૦(૧) મુજબ જમા થયેલ રકમ યોગ્ય અને કાયદેસરની જણાય છે તેથી આ તમામ હકીકત અને સંજોગો ધ્યાને લેતાં પક્ષકારોના સમાધાન મુજબ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–: હુ ક મ :–**

સદર સમાધાન પુરશીસ વંચાણે લીધી તથા સદર કામના પક્ષકારોને સદર સમાધાન પુરશીસ મુજબનું સમાધાન અંગે પુછતાં તેઓ સમાધાન પુરશીસ મુજબ સમાધાન કરવા રાજી અને તૈયાર હોય, સદર કામનો આથી સમાધાન થકી નિકાલ કરવામાં આવેલ છે.

સ્થળ:વલસાડ
તારીખ:૦૯/૦૯/૨૦૨૩.

(એમ.એલ.ચોથાણી)
Code:GJ01438
પ્રિસાઈડીંગ ઓફિસર તથા
જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
**મજુર અદાલત, વલસાડ.**